# સાબરકાંઠા જિલ્લામાં રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૨૯

અંખડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મતિથિએ સમગ્ર રાજયમાં રન ઓફ યુનિટીનો કાર્યક્રમ યોજાવાનો છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં પણ તા. ૩૧ ઓકટોબરના રોજ હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાશે.

આ રન ફોર યુનિટી અંગેની વિગત આપતા કલેકટર બંછાનીધિ પાનીએ જણાવયું હતું કે, સાબરકાંઠા જિલ્લાની ૬ નગરપાલિકા અને પોશીના અને વિજયનગર તાલુકાના મુખ્યમથકે આ કાર્યક્રમ યોજાશે. જોડાશે. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, સમગ્ર દેશને એકતાનો સંદેશ આપનાર સરદાર વલ્લભભાઇ પટેલે ભારતની ગ્રામ શક્તિ અને કિસાન શક્તિને જોડવાનું કામ કર્યુ હતું. તેમની યાદમાં કેવળીયા ખાતે દુનિયાની સૌથી ઉચી -તિમા બનાવવાનું મહાભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જેના માટે દેશભરમાંથી ખેડૂતોના ખેત વપરાશમાં લેવાયેલા ઓજારોથી આ વિરાટકાય -તિમાનું નિર્માણ કરવામાં આવનાર છે. જે લોકોને જોડવાનું અભિયાન રન ફોર યુનિટીના માધ્યમથી પૂર્ણ થશે.

રન ફોર યુનિટી હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ થઇ શહેરના સિવિલ સર્કલ, પાંચબતી, ટાવર રોડ સહિતના વિસ્તારોમાંથી પસાર થયા હતા. જયાં મહાવીરનગર સર્કલ ખાતે સમાપન કરવામાં આવ્યુ હતું

આ કાર્યક્રમમાં તમામ અધિકારીઓ શહેરના વરિષ્ઠ નાગરીકો, વિધાર્થીઓ, પોલીસ જવાન સહિત શહેરના નાગરીકો રન ફોર યુનિટી કાર્યક્રમમાં જોડાશે.

# મોડાસા નગરપાલિકા શહેરને સ્વચ્છ બનાવવા આક્રમક વલણ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં મોડાસા વેપારીઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. મોડાસા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર સુનિલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. છતાં જો કોઈ વહેપારી નગરપાલિકાના નિયમો નહિ જાળવે



(તસવીર : જય અમીન, મોડાસા)

નગરપાલિકા દ્વારા મોડાસા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે આજે મોડાસા શહેરના જુના વિસ્તાર એવા સૂકા બજાર વિસ્તારમાં મોડાસા નગરપાલિકાના સત્તાધીશો દ્વારા વેપારીઓને ધંધા રોજગારના સ્થળ આગળ સ્વચ્છતા જાળવવા માટે સમજણ તેમજ ચીમકી આપવામાં આવી હતી.

મોડાસા નગરપાલિકાના સત્તાધીશો તેમજ નગરપાલિકા સ્ટાફ દ્વારા મોડાસા શહેરના મુખ્ય બજારમાં આજે વેપારીઓમાં સ્વચ્છતા બાબતે જાગૃતતા કેળવાય તે માટે દરેક રાજપુરોહિત, સેનેટરી ચેરમેન અરવિંદ પંચાલ, ગુમાસ્તાધારા ચેરમેન નિતિન પંડવા તેમજ મોડાસા નગરપાલિકા સેનેટરી સ્ટાફ મિત્રોએ બજારમાં દરેક નાના મોટા વેપારીઓ તમેજ નાના નાના પાનના ગલ્લાવાળાઓને રૂબરૂ મળી બે દિવસની અંદર સ્વ ખર્ચે બે લાલ અને લીલા કલરની કચરા પેટી વસાવી લેવામાં તાકીદે સમજાવવામાં આવ્યા હતા અને જો બે દિવસની અંદર કચરાપેટી દુકાનો આગળ રાખવામાં નહિ આવે તો નગરપાલિકાના ધારાધોરણ મુજબ દંડ વસુલી તો સ્વચ્છતા અંતર્ગત પોલિસ સ્ટેશન સુધી વેપારીને ખેંચી જવામાં આવશે તેમજ ગુમાસ્તાધારા ચેરમેન દ્વારા વેપારીઓને પોતાના ગુમાસ્તાધારાના લાયસન્સ ના હોય તો તાત્કાલિક ધોરણે મેળવીલેવા તેમજ જો લાયસન્સની મુદત પુરી થઈ ગઈ હોય તો વેપારીમિત્રોએ તાત્કાલિક ધોરણે રિન્યુઅલ કરાવી લેવા સમજાવવામાં આવ્યા હતા. મોડાસા નગરપાલિકા દ્વારા મોડાસા શહેરને સ્વચ્છ બનાવવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જેની કામગીરીથી વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ઉનાવા ગામેથી બાળકનું અપહરણ કરી જનાર મહિલા ખંભાતમાંથી પકડાઈ

ઊંઝા, તા. ૨૯

ઊંઝા પાસેના ઉનાવા ગામે ગત સપ્તાહે દરગાહ આગળથી એક મહિલા વિશ્વાસ કેળવીને એક નાના બાળકનું અપહરણ કરી ક્યાંક ફરાર થઈ ગઈ હતી. આ બનાવ અંગે પોલીસે અપહરણનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. દરમિયાન ખેડા જિલ્લાના ખંભાત શહેરમાંથી અપહરણકર્તા મહિલા બાળક સાથે મળી આવતાં ઊંઝા પોલીસે અપહરણકર્તા રૂકૈયા નામની મહિલાની ધરપકડ કરી બાળકનો કબજો તેની માતાને સોંપ્યો હતો.

પોલીસમાંથી મળતી માહિતી અનુસાર ઉનાવા ગામે રહેતી અફસાનાબાનુ હૈદરખાન મીરાદાતાર દરગાહ પાસે ચા ની હોટલ ધરાવે છે. આ હોટલ પર બહારની રૂકૈયા નામની એક મહિલા અવાર નવાર આવતી હોઈ હોટલ સંચાલક મહિલાનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. ત્યાર બાદ અચાનક બાળકને રમાડવાને બહાને મહમંદઅલી નામના એક વર્ષિય બાળકને ઉઠાવીને ક્યાંક ફરાર થઈ ગઈ હતી.

આ બનાવ અંગે બાળકના પરિવારજનોએ શોધખોળ કરી હતી. પરંતુ બાળકનો કોઈ પત્તો ન મળતાં ઊંઝા પોલીસ મથકે રૂકૈયા નામની મહિલા વિરૂદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી હતી. બાદ પોલીસે અલગ અલગ ટીમો બનાવી બાળકની શોધખોળ આરંભી હતી.

દરમિયાન મોબાઈલ ટાવરના લોકેશનના આધારે એક ટીમ ખંભાત તાલુકાના ઉદેલ ગામે ગઈ હતી અને ખંભાત રૂરલ પોલીસની મદદ મેળવી મેલેરીયા ખાતાના કર્મચારીઓ બની રસી મુકવા અંગે તેમજ મકાનની સહાયની સર્વે કરવાના ઓથા હેઠળ તપાસ કરતા રૂકૈયા નામની મહિલા અપહ્યુત બાળક સાથે મજાતપુરા વિસ્તારમાંથી મળી આવી હતી. જેથી ઊંઝા પોલીસે કબજો મેળવી અપહરણકર્તા રૂકૈયાબાનુ કબીરભાઈ અહેમદભાઈ શેખ મુળ રહે. સાંકરદા બસ સ્ટેન્ડ હાલ રહે. ઉત્તરસંડા, નડીયાદની ધરપકડ કરી બાળકનો કબજો તેની માતાને સોંપ્યો હતો.

# પાલનપુર લૉ કોલેજમાં માહિતી અધિકાર અંગે સેમિનાર યોજાયો

પાલનપુર, તા. ૨૯

પાલનપુર લૉ કોલેજમાં સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) દ્વારા માહિતી અધિકાર ૨૦૦૫ વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ માહિતી અધિકાર-૨૦૦૫ અંતર્ગત આયોજન સેમિનારમાં નિવૃત્ત સંયુક્ત સચિવ ડંકેશ ઓઝા મુખ્ય પ્રવક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માહિતી અધિકાર વિશે કાયદાની જાણકારી ઉદાહરણો સહિત આપી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને મુંઝવતા કેટલા પ્રશ્નોના પણ સંતોષકારક જવાબો આપ્યા હતા. જ્યારે તમામને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના કાયદાની પુસ્તિકાઓ પણ આપવામાં આવી હતી. અંતે લૉ કોલેજના સિનિયર પ્રો. અશ્વિન કારિયાએ પણ પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

આ કાર્યક્રમમાં લૉ કોલેજના આચાર્ય ડૉ. મીતલ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ સંચાલન રવિદાન કરનાની અને આરતી દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

# બાયડ નજીક કાર અકસ્માતમાં ત્રણનાં મોત : ચારને ઈજાઓ

## રાજસ્થાનના ભાજપના કાર્યકરો મુંબઈ સ્વચ્છતા અભિયાનમાં ભાગ લઈ પરત રાજસ્થાન જતા બાયડ નજીક બાઈક વચ્ચે આવતા અકસ્માત થયો હતો



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૨૯

મુંબઈમાં સ્વચ્છતા ઝુંબેશ માં ભાગ લઈ પરત રાજસ્થાન જઈ રહેલા ભાજપના કાર્યકરોની ગાડી બાયડ નજીક પલ્ટી ખાઈ જતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં બે મહિલા સહિત એક પુરુષ કાર્યકરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. આ મામલે બાયડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાન રાજયના કેટલાક ભાજપના કાર્યકરો રાજસ્થાનથી ટવેરા ગાડી નં. આર.જે. ૩૧, ડી.એ. ૨૯૦૪ લઈ મુંબઈ સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેવા ગયા હતા. આજે આ તમામ કાર્યકરો બાયડ શામળાજી માર્ગ થી રાજસ્થાન તરફ જઈ રહ્યા હતા દરમિયાન બાયડ નજીક પહોંચતા માર્ગ વચાળે અચાનક જ કોઈ બાઈક આડે આવતા ગાડીનો ચાલક ગભરાઈ ગયો હતો અને પુરપાટ ઝડપે આવતી ગાડીની અચાનક જ બ્રેક મારતા ગાડી એક પછી એક ત્રણ પલ્ટી ખાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સુરેન્દ્રસિંહ, કૃષ્ણાદેવી અને નીશાબેનને લોહીયાળ ઈજાઓ પહોંચતા જ ઘટના સ્થળે જ કરૂણ મોત નિજયા હતા. જયારે અન્ય ૪ મુસાફરોને પણ ઈજાઓ થતા તુરંત સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત સંદર્ભે ગોરધન મેઘવાલે બાયડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેની તપાસ પી.એસ.આઈ. વિરલ પટેલ ચલાવી રહ્યા છે.

# નિલોફર વાવાઝોડાને અનુલક્ષી બનાસકાંઠામાં સાવચેતીના પગલાં લેવા કલેક્ટરની અપીલ

પાલનપુર, તા. ૨૯

કલેકટરશ્રી બનાસકાંઠા તરફથી જણાવ્યા મુજબ તા.૩૦/૧૦/૨૦૧૪થી તા.૨/૧૧/૨૦૧૪ના દિવસોમાં ગુજરાતમાં આવનાર નિલોફર વાવાઝોડુ બનાસકાંઠા તરફ ફંટાય તેવી શક્યતા રહેલી હોઇ (ખાસ કરીને બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમના તાલુકાઓ સુઇગામ,વાવ, થરાદ, ભાભર, દિયોદર, ધાનેરા, લાખણી તેમજ અન્ય તાલુકાઓના સરકારી અધિકારી, કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે અને અધિકારી, કર્મચારીઓને પોતપોતાના હેડકવાર્ટરમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

આ દિવસોમાં જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની પણ શક્યતા રહેલી હોઇ -જાજનોએ પીવાના પાણી, આવશ્યક ચીજવસ્તુઓ, કેરોસીન વગેરેનો સંગ્રહ કરી રાખવા. તેમજ આ દિવસોમાં નદી, તળાવ, કોતર, કેનાલ વગેરેના વિસ્તારોની આજુબાજુ નહી જવા જણાવાયું છે. તેમજ દરિયા કિનારાના સ્થળોએ જિલ્લાના -જાજનોને -વાસે નહીં જવા જણાવવામાં આવે છે.

ગામના સરપંચશ્રીઓ, ગામના આગેવાનોને નિલોફર વાવાઝોડા અંગેની સાવચેતી લેવા બાબતે ગામમાં બહોળી -સિધ્ધિ કરાવવા માટે તેમજ વાવાઝોડા, ભારે વરસાદની પરિસ્થિતિમાં વીજળી (લાઈટ) જવાના -સંગોએ લોકો સંયમ જાળવી પોતાની રીતે કેરોસીન, રીચાર્જ બેટરી, ફાનસ, મીણબત્તી વિગેરેની મદદથી લાઈટ, -કાશ થાય તેવી જરૂરી વ્યવસ્થા ઉભી કરવા માટે વહીવટીતંત્ર ધ્વારા અપીલ કરવામાં આવે છે. જિલ્લાના તલાટીઓ, શિક્ષકોએ પોતપોતાના ગામમાં, સેજામાં હાજર રહે તેમજ આરોગ્ય કર્મચારીઓ પીએચસી, સીએચસી સેન્ટરોમાં જરૂરી મેડીકલ સામગ્રી સાથે હાજર રહે અને કોઈપણ બનાવ બને તો માનવ જિંદગીને બચાવવાની -વૃત્તિને -થમ અગ્રતા આપવા વહીવટીતંત્ર ધ્વારા અપીલ કરવામાં આવી છે.

# તાના-રીરી મહોત્સવ કાર્યક્રમ વડનગર તાના-રીરી ગાર્ડન ખાતે યોજાશે

મહેસાણા, તા. ૨૯

તાના-રીરી મહોત્સવ-૨૦૧૪ નું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલના હસ્તે ૧ નવેમ્બર-૨૦૧૪ ના રોજ સાંજે ૭.૩૦ કલાકે થનાર છે. જેમાં પ્રથમ દિવસે સરસ્વતી વંદના, સ્વાગત પ્રવચન સચિવશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, મહેમાનશ્રીઓનું સ્વાગત, દિપ પ્રાગટ્ય, સુશ્રી પ્રભાઅત્રેનો પ્રતિભાવ, મુખ્યમંત્રીશ્રીનું ઉદ્‌બોધન, કલેક્ટરશ્રી મહેસાણા દ્વારા આભારવિધિ અને ત્યાર બાદ તેજલ પાઠક દ્વારા ગાયન, જાનકી મીઠાઈવાલા દ્વારા આરાધના સંગીત, સપ્તક ગ્રુપ દ્વારા કાર્યક્રમ અને પ્રભા અત્રે દ્વારા પ્રસ્તુતી કરવામાં આવનાર છે.



૨ નવેમ્બરના રોજ જિલ્લાના પ્રભારી અને શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેનાર છે. આ દિવસે મોનિકાબેન શાહ આરાધના વૃંદ, કૌશર હાજી, માલિની પરેશ નાયક અને નિશા કાપડીયા અને વૃંદ સંગીતના સુર રેલાવનાર છે. આ દિવસે મહેમાનશ્રીઓમાં સાંસદ સર્વેશ્રી જયશ્રીબેન પટેલ, લીલાધરભાઈ વાઘેલા, પછાત વર્ગ નિકાસ નિગમના ચેરમેન જયંતિભાઈ બારોટ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના ચેરમેનશ્રી પુંજાજી ઠાકોર, સરદાર સરોવર નિગમના ડિરેક્ટરશ્રી વસંતભાઈ રાવલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે.એલ. પટેલ, ધારાસભ્ય સર્વેશ્રી નારાયણભાઈ પટેલ, ભરતસિંહ ડાભી, ઋષિકેશભાઈ પટેલ, રમેશભાઈ ચાવડા અને પ્રહલાદભાઈ પટેલ ઉપસ્થિત રહેનાર છે.

આ મહોત્સવમાં હાજર રહેવા સચિવશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને જિલ્લા કલેક્ટરશ્રી લોચન સેહરાએ હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

# વડગામ મુકામે ૧૪મીએ લોક દરબાર કાર્યક્રમ યોજાશે

પાલનપુર, તા. ૨૯

વડગામ તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) આગામી તા. ૧૪મી નવેમ્બર ૨૦૧૪ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે પાણી પુરવઠો, કૃષિ અને સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન તથા જળસંપત્તિ (કલ્પસર સિવાય) મંત્રી બાબુભાઈ બોખીરીયાની અધ્યક્ષતામાં તાલુકા ખરીદ વેચાણસંઘના હોલ, વડગામ તા. વડગામ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં આપના વણઉકેલ્યા પ્રશ્નોના નિકાલ માટે આપની અરજીઓ મંગાવવામાં આવ છે. જેમાં સેવા વિષયક, કોર્ટમાં પડતર હોય તેવી બાબતો, જમીન/મિલ્કત સંબંધી દાવાઓ દીવાની કોર્ટમાં પડતર હોય કે પડકારવાપાત્ર હોય તેવી બાબતો સિવાયના પ્રશ્નો આવકાર્ય છે. દા.ત. હકકપત્રકની નોંધો, વારસાઈ સંબંધેના પ્રશ્નો, વિધવા સહાય, વૃધ્ધ સહાય, નિરાધાર અપંગ સહાય, રેશનકાર્ડ, જાતિ/આવકના દાખલા વગેરે.

એક અરજદાર વધુમાં વધુ બે પ્રશ્નોની રજુઆત કરી શકશે. અરજીના મથાળે લોક સંવાદ સેતુ (લોક દરબાર)નો પ્રશ્ન લખવાનો રહેશે. આપના પ્રશ્નો વડગામ મામલતદાર કચેરી, મુ. તા. વડગામ (ટેલીફોન નં./ફેકસ નં. ૦૨૭૩૯-૨૬૨૨૧)ની કચેરીમાં કચેરી સમય દરમિયાન (સવારના ૧૦.૩૦ કલાકથી સાંજના ૬.૧૦ કલાક) લેખિતમાં તા. ૬-૧૧-૨૦૧૪ સુધીમાં રજુ કરવાના રહેશે. અરજદારે અરજીમાં પોતાનો કોન્ટેક નંબર લખવાનો રહેશે.

# પ્રાંતિજમાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ અંતર્ગત રન-રેલી યોજાશે



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૯

સ્ટેચ્યુ ઓફ યુનિટી અંતર્ગત પ્રાંતિજમાં આવતીકાલ ૩૧મી ઓકટોબરને શુક્રવારના રોજ પી.એન. હાઈસ્કૂથી રન-વે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંગે તાજેતરમાં પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે એક બેઠક યોજાઈ હતી.

આ રન-વે રેલીમાં શહેરની સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ જોડાશે અને પ્રાંતિજ એપ્રોચ રોડથી બસ ડેપો સુધી રેલી યોજાશે. મામલતદાર ડોડીયાએ સ્વચ્છતા જાળવવા પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા તેમજ રસ્તા-નગર સ્વચ્છ બનાવવા નાગરિકોને અનુરોધ કર્યો છે. રેલી નગરપાલિકા પ્રમુખ ગિરીશભાઈ પટેલ, પી.આઈ. ભરતભાઈ પટેલ, સતિષભાઈ પંડયા, દિલીપભાઈ કોઠારી સહિત અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં જોડાશે.

# સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના ચેરમેન તરીકે બિનહરીફ ચુંટાયેલા અંબાલાલ ઉપાધ્યાય



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ, હિંમતનગરની હોદ્દેદારોની વરણી માટે નાયબ કલેકટરશ્રી અને ચૂંટણી અધિકારીશ્રી, પ્રાંતિજના પ્રમુખસ્થાને મીટીંગ મળેલ. કોરમ થવાથી સંઘના અધ્યક્ષ તરીકે છેલ્લા ૩૭ વર્ષથી સેવાઓ આપતા માજી ધારાસભ્યશ્રી, જિલ્લા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ અને અગ્રણી સહકારી કાર્યકર શ્રી અંબાલાલ ઉપાધ્યાય બિનહરીફ ચેરમેન તરીકે ચૂંટાયા છે. જયારે ઉપાધ્યક્ષ તરીકે શ્રી નવલસિંહજી બિહોલા મેઘરજ ચુંટાયા છે. તથા માનદ મંત્રી તરીકે શ્રી ધુળાભાઈ ટી. પટેલ વડાલી ચુંટાયા છે. આ વરણીને જિલ્લાના સહકારી કાર્યકરો તથા સંઘના બોર્ડના સભ્યશ્રીઓ તથા સ્ટાફમિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ડીસામાં ભાગવત સપ્તાહનો પ્રારંભ

ડીસા, તા. ૨૯

ડીસા-હાઈવે પર આવેલ પારકર ભુવન ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરાયું છે. તા. ૨૫-૧૦-૨૦૧૪ ના રોજ સંતશ્રી સીવરામ બાપુના વરદ્‌હસ્તે શરૂ થયેલ ભાગવત સપ્તાહ પર્વે રામ પ્રાગટ્ય, શ્રી નંદમહોત્સવ, ગોવર્ધન મહોત્સવ, શ્રી રૂક્ષ્મણી વિવાહ સહીત કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. આ ઉપરાંત વિવિધ સંતો અને સંતમાતાઓએ પણ હાજરી આપી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

Y.A. MANSURI - M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय ®
FEEL FREE, BE FEARLESS
GOVT. APPROVED CONTRACTOR
IAF
JAS-ANZ
• Corporate Gathering • Exhibitions
• Celebrations • Marriage
• Reception • Parties • Seminars
ISO 9001:2008
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph.: 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એકસક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦